## વડીલોને વંદન અભિનંદન



શિવરામ શ્રીમાળી
(૧૯૪૮)

## આજે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ફિલ્મ શો નું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-સીના મેદાનમાં આજે આંબેડકર જીવન દર્શન ઉપર ફિલ્મ શો યોજાશે.

માતુશ્રી રમાબાઈ ભીમરાવ આંબેડકરના જન્મદિન નિમિત્તે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા આજે તા. ૮મી મે-૨૦૧૩ને રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૯૯૮/૨ સામે, સેક્ટર-૭-સીના મેદાનમાં બાબાસાહેબ આંબેડકરના જીવન દર્શન ઉપર એક ફિલ્મ દર્શાવવામાં આવશે. બહુજન સમાજને હાજર રહેવા કન્વીનર વાસુદેવ શ્રીમાળીએ જણાવ્યું છે.

## આજે અનુસૂચિત જાતિનો લોન-વાહન વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર, અનુસૂચિત જાતિના કુટુંબોના સર્વાંગી વિકાસ માટે આર્થિક તેમજ શૈક્ષણિક યોજનાઓ પૈકી સીધા ધિરાણની યોજના અંતર્ગત કોર્પોરેશન દ્વારા લોન-વાહન વગેરેનો વિતરણ સમારોહ આજે તા. ૮મી મે ૨૦૧૩ને બુધવારે સાંજે ૪ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

લોન તેમજ વાહન વિતરણ સમારંભમાં સમારોહના અધ્યક્ષ તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી રમણલાલ વોરા, મુખ્ય અતિથિ તરીકે કાયદો અને ન્યાયતંત્રના મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય મહેમાન તરીકે આઈ.એ.એસ. (નિવૃત્ત) ઝવેરભાઈ ચાવડા અને અતિથિ વિશેષ તરીકે જીતેન્દ્ર વાઘેલા, મધુબેન પરમાર અને અશોકભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

# રાજયમાં ૧૨મી જુનથી ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૭

આગામી જુન માસથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આ વર્ષે પણ રાજય સરકાર દ્વારા ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

મે અને જુન મહિનો કૃષિ મહોત્સવ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમોના મહિના છે. આ બે મહિના દરમિયાન રાજયના મોટા ભાગના વિભાગોના અધિકારીઓ અને કર્ચચારીઓ આ કાર્યક્રમોની કામગીરીમાં જિલ્લાના પ્રવાસોમાં વ્યસ્ત બની જતા હોય છે.

રાજયમાં ૧૪મી મે થી કૃષિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. આ મહોત્સવ ૧૮ દિવસ ચાલનારો છે. રાજયના ૨૨૫ તાલુકાઓમાં કૃષિ રથો નિકળનાર છે. કૃષિ મહોત્સવની કામગીરી માટે કૃષિ વિભાગના અધિકારીઓ ઉપરાંત જિલ્લા તાલુકાના અધિકારીઓ કર્મચારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે.

બીજી બાજુ આગામી જુનના બીજા સપ્તાહથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૨મી જુનથી ચાર દિવસ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. શાળા પ્રવેશોત્સવ માટે રાજય સરકારના સનદી અધિકારીઓ, આઈ.પી.એસ. અધિકારીઓ ઉપરાંત સચિવાલય સંવર્ગના વર્ગ-૧ના અધિકારીઓને કામગીરી સોંપવામાં આવનાર છે.

મંત્રીઓ, અધિકારીઓને જિલ્લા તાલુકાઓ ફાળવી દેવામાં આવશે. જે તાલુકા કે ગામો ફાળવવામાં આવ્યા હશે ત્યાં અધિકારીઓએ ત્રણ દિવસ પ્રવાસ ખેડીને બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવવાનો રહેશે તેમજ બાળકો શાળામાં અભ્યાસ કરવા પ્રેરાય તે માટે બાળકોને રમકડા સ્કુલ બેગ સહીતના સાધનો પણ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં અત્યાર સુધી માત્ર શાળાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા બે વર્ષથી રાજય સરકાર દ્વારા આંગણવાડીને પણ આ કાર્યક્રમમાં સાંકળી લઈને તેમાં પણ બાળકોને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા બાદ રાજયમાં શાળામાં ડ્રોપ આઉટ રેશીયો ઘણો જ ઘટવા પામ્યો છે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ બાદ ગુણોત્સવનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



# પાલનપુર નગરપાલિકાના પ્રમુખપદે હસમુખ પઢિયારની વરણી : ઉપપ્રમુખપદે અમૃતભાઈ જોષી

પાલનપુર, તા. ૭

પાલનપુર નગરપાલિકાની સંપૂર્ણ ભાજપની બહુમતીથી બોડીમાં પ્રથમ અઢી વર્ષની મહિલા સીટ હતી જેમાં વોર્ડ નં. ૩ના હર્ષાબેન મહેશ્વરીને પાલિકાનું સુકાન સોંપાયું હતું અને ઉપપ્રમુખ તરીકે હસમુખ પઢિયારની વરણી કરવામાં આવી હતી જે ગત ટર્મ ગતરોજ પૂર્ણ થતા અઢી વર્ષ માટે નવિન પ્રમુખની તેમજ ઉપપ્રમુખની વરણી કરવાની હતી. જેમાં નવ જેટલા નગર સેવકોએ પ્રમુખ બનવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું હતું. પણ છેલ્લી ૧૦ મિનિટમાં અવનવા નામોની ચર્ચાઓ થતી હતી. પણ એસ.ડી.એમ. એ હસમુખ પઢિયારના નામની જાહેરાત કરાતા ચર્ચાઓનો અંત થવા પામ્યો હતો.

મળેલી માહિતી અનુસાર પાલનપુર પાલિકાના અઢી વર્ષ માટે નવીન પ્રમુખની વરણીના સંદર્ભે પાલિકાના ખંડમાં આજે બેઠક યોજાઈ હતી. જેમાં એસ.ડી.એમ. ઓઝાતની અધ્યક્ષતામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાલિકા ખંડમાં નગરસેવક સાગર માવીનું પ્રમુખ તરીકે તથા ઉપપ્રમુખ તરીકે પ્રતાપભાઈ જાનીના નામની ભારે ચર્ચાઓ બની હતી. જ્યારે એન.જી.પટેલ તથા અશોકભાઈ ઠાકોરના નામની પણ ચર્ચાઓ થતી હતી. પણ એસ.ડી. એમ.એ આતુરતાનો અંત લાવીને પાર્ટીનું મેન્ડેડ વાંચી સંભળાવીને પ્રમુખ તરીકે હસમુખ પઢિયારનું નામની જાહેરાત કરતા સભાખંડમાં ખુશીનો માહોલ છવાયો હતો.

# ૨૦મી જુલાઈના દિને ગુજરાત શિક્ષણ બોર્ડની ચૂંટણી યોજાશે

## ચૂંટણીના પરિણામોના આધારે નવા બોર્ડની નિમણૂંક કરાશે

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મુદત ૨૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહી છે. ત્યારે નવા બોર્ડની રચના માટે આગામી ૨૦મી જુલાઈએ ચૂંટણી યોજવાનો તખ્તો ગોઠવી દેવામાં આવ્યો છે. જેમાં શિક્ષણ બોર્ડની ૨૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. અને તેના પરીણામોના આધારે નવા બોર્ડની નિમણુંક કરાશે.

પ્રાપ્ત થતી માહિતી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ આગામી ૨૦મી જુલાઈએ શિક્ષણ બોર્ડની ચૂંટણી યોજાશે. બોર્ડની ચૂંટણીમાં છ આચાર્ય, છ માધ્યમિક શિક્ષકો, ચાર સંચાલક, બે વહીવટી કર્મચારી, એક સરકારી હાઈસ્કુલના શિક્ષક અને એક બી.એડ. કોલેજના આચાર્ય સહીત કુલ ૨૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. બોર્ડના ચેરમેનના જણાવ્યા મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા ચૂંટણીનું જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે. જેથી આગામી સમયમાં ઉમેદવારોના ફોર્મ ભરવા સહીતની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વખતની ચૂંટણી ભારે રસાકસી પૂર્ણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત શિક્ષણ બોર્ડની ચૂંટણી બાદ કારોબારી સમિતી, પરીક્ષા સમિતી, નાણાં સમિતી અને સંચાલક સમિતીનું પણ પુનઃ ગઠન કરવામાં આવશે અને શિક્ષણ બોર્ડની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થવાની સાથે જ વિવિધ સંચાલક સંગઠનોએ પોતાના ઉમેદવારો પસંદગી કરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ કરી દીધો છે અને આગામી સમયમાં પોતાના સમર્થિત ઉમેદવારોને વિજયી બનાવા શિક્ષક સંગઠનો વચ્ચે કસમકસ જોવા મળશે.

## પોલીસના અપહરણ કેસમાં ચિલોડાના કોન્સ્ટેબલની ધરપકડ

વોન્ટેડ બુટલેગરને સેક્ટર-૨૨ જૈનમંદિરની સામેથી બાતમીના આધારે સે-૨૧ પોલીસે પકડી પાડયો હતો જે ગાડીમાં બુટલેગર બેઠો હતો તે ગાડીમાં જ તે સે-૨૧ના કોન્સ્ટેબલનું બુટલેગરે અપહરણ કરી લીધું હતુ. આ ચકચારી કેસમાં પછીથી બહાર આવ્યું હતું કે ચિલોડા પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલ લાલસિંહ ઈશુજી વાઘેલા પણ બુટલેગરની ગાડીમાં હતો. સે-૧ના કોન્સ્ટેબલ પ્રદિપસિંહના અપહરણમાં ચિલોડાના કોન્સ્ટેબલ લાલસિંહની પણ મદદગારી ખુલતા તેના વિરુધ્ધમાં ગુનો દાખલ થયો હતો અને હજુ સુધી નાસતો ફરતો હતો. સે-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલે આજે બપોરે અપહરણના આરોપી લાલસિંહની ધરપકડ કરી લીધી છે અને પુછપરછનો દોર શરુ કર્યો છે.

# કોંગ્રેસની બેઠકમાં રાજકીય સમીક્ષા કરાઈ

ગાંધીનગર, તા. ૭

પેટા ચૂંટણીઓ માટે સંભવિત ઉમેદવારોની પસંદગી અંગે આજે મળેલી પ્રદેશ કોંગ્રેસ નેતાઓની બેઠક કોઈપણ નિર્ણય વગર જ પૂર્ણ થવા પામી હતી.

ગુજરાતની લોકસભાની બે બેઠકો અને વિધાનસભાની ચાર બેઠકો માટેની પેટા ચૂંટણીઓ જાહેર થતાં જ કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ ખાતે આજે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુનભાઈની અધ્યક્ષતામાં આગેવાનોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં આજે સંભવિત ઉમેદવારોના નામો અંગે ચર્ચા કરવાને બદલે આ બેઠકો પર સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને જ્ઞાતિ સમીકરણો અંગે જ માત્ર ચર્ચાઓ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠાની લોકસભા બેઠકમાં સ્વર્ગસ્થ મુકેશ ગઢવીના પરીવારમાંથી કોઈ એક સભ્યને ટીકીટ આપવા માટેની વિચારણા કોંગ્રેસ નેતાગીરી કરી રહી છે. તો બીજી બાજુ પોરબંદર બેઠક પરના કદાવર નેતા અને સાંસદ વિઠ્ઠલ રાદડીયા સાંસદ પદેથી રાજીનામુ આપ્યા બાદ કોંગ્રેસને અલવીદા કરી દેતા આ બેઠક માટે કોંગ્રેસ મજબૂત ઉમેદવારની શોધને લઈ વીશામણમાં મુકાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે મળેલી બેઠકમાં પોરબંદર લોકસભા બેઠક ઉપરાંત ધોરાજી જેતપુર વિધાનસભા બેઠક પર જ્ઞાતિ સમિકરણો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. હવે આગામી બે ત્રણ દિવસ બાદ પુનઃ બેઠક મળનાર છે જેમાં ફરી જ્ઞાતિ સમીકરણોની સમીક્ષા કરીને આ ત્રણે બેઠકો પર કયા જ્ઞાતિના ઉમેદવારને પસંદ કરવો એ અંગેનો નિર્ણય લઈને સંભવીત બે નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જ્યારે લીંબડી વિધાનસભા બેઠક માટે સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ સાથે પરામર્શ કર્યા બાદ કોળી સમાજમાંથી સોમાભાઈ સૂચવે તે નામો પર ચર્ચા કરીને ઉમેદવારની આખરી પસંદગી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પોરબંદર લોકસભા બેઠક ધોરાજી અને જેતપુર બેઠક પર કોંગ્રેસ માટે કપરા ચઢાણ હોઈ આ બેઠકો પર વિજય મેળવવા માટે આ વખતે કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી ઉમેદવારોની પસંદગીને લઈને ખુબજ ગંભીર બની છે અને આ બેઠકો પર જીતી શકે તેવા સક્ષમ અને મજબૂત ઉમેદવારોની જ પસંદગી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# જેઈઈની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓનું પરિણામ નબળું

અમદાવાદ, તા. ૭

ધોરણ-૧૨ સાયન્સ પછી ઈજનેરી અને ફાર્મસીના પ્રવેશ માટેની ગત એપ્રિલમાં લેવાયેલી જેઈઈની પરીક્ષાનું પરીણામ આજે જાહેર કરી દેવામાં આવ્યું છે. આ માટે ગુજરાતમાંથી કુલ ૯૪,૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આજે જાહેર થયેલા પરીણામમાં ગુજરાતમાંથી ૯૪,૦૦૦માંથી અંદાજે ૧૧૫૦ વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ માટે લાયક બન્યા છે. પરીણામ ધાર્યા કરતા વધારે અઘરૂ આવતા મોટાભાગના સારા ગુણ લાવતા વદ્યાર્થીઓને નુકસાન થાય તેમ છે.

ધોરણ-૧૨ સાયન્સ પછી ઈજનેરી અને ફાર્મસીમાં જવા માંગતા વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની જેઈઈની પરીક્ષા ગત એપ્રિલની શરૂઆતમાં લેવામાં આવ્યું છે. આ પરીક્ષા સમગ્ર દેશમાંથી અંદાજે ૧૪ લાખ અને ગુજરાતમાંથી અંદાજે ૯૪,૦૦૦ વિદ્યાર્થીઓએ આપી હતી. આ પરિણામમાં પ્રથમ દોઢ લાખ પાસ થનાર વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સ માટે લાયક ગણવામાં આવે છે. શહેર થયેલ પરીણામમાં ગુજરાતના ૯૪,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી અંદાજે માત્ર ૧૧૫૦ વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ માટે લાયક બન્યા છે. પ્રાપ્ત સુત્રો મુજબ જેઈઈનું આજે જાહેર થયેલ પરીણામ ખુબ જ હાર્ડ આવ્યુ છે. ગુજરાતમાંથી અંદાજે ૧૧૫૦ વિદ્યાર્થીઓ જ જેઈઈ એડવાન્સ માટે લાયક બન્યા છે. જેનાથી મોટાભાગના તેજસ્વી વિદ્યાર્થીઓને નુકસાન થાય તેવી પરિસ્થિતિ છે.

જો કે હજુ ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ આવવાનું બાકી છે. ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ના ૬૦ ટકા અને જેઈઈના ૪૦ ટકા નક્કી કરવામાં આવ્યા છે. જેઈઈમાં ગુજરાતમાંથી જે વિદ્યાર્થીઓ લાયક બન્યા છે. તેમણે પણ ધોરણ-૧૨માં પ્રથમ ૨૦માં આવશે તો જ તે જેઈઈ એડવાન્સ માટે લાયક ગણાશે.

સૂત્રો મુજબ ગુજરાતમાં જેઈઈની પરીક્ષા પ્રથમ વખત જ લેવામાં આવી છે. આ પહેલા ગુજકેટના આધારે પ્રવેશ આપવામાં આવતો હતો. ગુજરાતમાં સ્થાનિક કક્ષાએ જેઈઈમાં કોઈ સીધુ ઓબ્જર્વેશન ન હોવાથી વિદ્યાર્થીઓએ ઓનલાઈન પર આધાર રાખવો પડ્યો હતો. ફિઝીક્સના વિદ્યાર્થીઓને સીબીએસઈના આધારે પ્રશ્નો પુછવામાં આવ્યા હોવાથી તેમને નુકસાન થયુ હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. જેઈઈ આઈઆઈટીના પ્રવેશ માટેની પરીક્ષા બીજી જુને લેવાશે.

## ખેડૂતોની સંખ્યામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ એગ્રીકલ્ચર સેન્સસમાં જણાવ્યા પ્રમાણે એક હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત અને ખેડૂત ખાતેદારોની સંખ્યા ૫૪,૯૮૦ છે જે કુલ ખેડૂતોના ૫૦ ટકા જેટલી થવા જાય છે.

એક થી ૨ હેક્ટર જમીન ધરાવતા ખેડૂત અને ખેડૂત ખાતેદારોની સંખ્યા ૨૯,૧૬૧ છે જ્યારે ૨ હેક્ટરથી વધારે જમીન ધરાવતા ખેડૂત અને ખેડૂત ખાતેદારોની સંખ્યા ૨૪,૫૧૦ છે. ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે પરંતુ ખેત ઉત્પાદનમાં સરેરાશ જ જળવાઈ રહેવા પામી છે. ખેતીની જમીનોના રેકર્ડનું આધુનિકરણ હજુ સુધી થયું નથી એટલે છેલ્લા દસ વર્ષમાં કેટલી ખેતીની જમીન બિનખેતી થઈ તે જાણી શકાયુ નથી. જિલ્લામાં ખેડૂત અને ખેડૂત ખાતેદારોની સંખ્યામાં થયેલો વધારો એ તુટતી સંયુક્ત કુટુંબ પ્રથાનું કારણ પણ હોવાનું કેટલાક ખેડૂત આગેવાનો માની રહ્યા છે. તેમજ ખેડૂત પાસે હવે ખેતી માટે જમીનો જે ટુકડામાં વહેંચાઈ છે તેને લઈ ઉત્પાદનમાં વૃદ્ધિ થવી જોઈએ તે પણ જોવા મળતી નથી.

જિલ્લામાં હવે સીમાંત ખેડૂતો અને નાના ખેડૂતો જ રહેવાપામ્યા છે. જિલ્લાની આર્થિક પ્રવૃત્તિમાં એક તબક્કે મહત્વનું યોગદાન આપનાર કૃષિ તરફથી ખેડૂતો મુખ ફેરવી રહ્યા છે અને જમીનમાંથી જે આવક થતી હતી તે હવે ખેત ઉત્પાદનમાંથી મળતી ન હોવાથી ખેડૂતો પણ નિરાશ થયા છે.

## ગરમીથી બેહાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એ.સી. બેઈઝ ફર્નિચરની પેટર્ન હોવાથી આકરી ગરમીના દિવસમાં કર્મચારીઓ ગરમીથી બેહાલ બન્યા છે બે વર્ષ પૂર્વે ભવનના કર્મચારીઓને ઠંડા કરવા કુલર મુકવામાં આવ્યા હતા પરંતુ કચેરીઓના આધુનિકરણબાદ કુલર મુકવાની પણ જગ્યા રહી નથી. ગરમીનો પારો ૪૩ ડિગ્રી આસપાસ રહેતા બપોરના સમયે ઓફિસોમાં ટેબલ-ખુરશીઓ ખાલીખમ જોવા મળે છે. પાટનગર યોજના ભવનના સૌથી ઉપરના મજલે ગરમીનો પ્રભાવ વધારે વર્તાતો હોવાથી કર્મચારીઓ માટે બેસવું મુશ્કેલ બન્યું છે. ઓફિસને કોર્પોરેટ બનાવવા આડેધડ પૈસા ખર્ચાયા હોવાનું સ્પષ્ટ થયું છે. શહેરને પાયાની જરુરીયાતો પુરી પાડવામાં વ્યસ્ત તંત્રના કર્મચારીઓ અત્યારે તો ગરમીથી ત્રસ્ત બની ગયા છે!!!

## સાયન્સ ટેલેન્ટ વર્કશોપ... ● બીજા પાનું ચાલુ

ગ્રીષ્મા, સી હેરીયર, મીરાજ, જગુઆર જેવા અરોપ્લેનના ટચુકડા મોડેલ પેપર, કાર્ડ બોર્ડ વગેરેની મદદથી શીખવાડવામાં આવશે. આ ઉપરાંત હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે એક એર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટચુકડા વિમાનોને ઉડાડવામાં આવશે. ટેનગ્રામ વર્કશોપમાં વિદ્યાર્થીઓને એક કાર્ડ પેપરના ચોરસ ટુકડામાંથી લગભગ ૩૦૦ જેટલી જુદી જુદી આકૃતિઓ બનાવવાની સમજૂતી આપવામાં આવશે. આ એક જાપાનીઝ વર્કશોપ છે. ભૌમિતિક આકારો બનાવવાના વર્કશોપમાં ગણિતમાં આવતા જુદા જુદા ભૌમિતિક આકારો જેવા કે પિરામીડ, ત્રિકોણીય, પ્રિઝમ, શંકુ, સમલંબઘન, ત્રિકોણીય પાયાવાળો પિરામીડ, નળાકાર, ષષ્ઠકોણીય પ્રિઝમ વગેરે બનાવતાં શીખવાડવામાં આવશે.

ઓરીગામી વર્કશોપમાં બાળકોને કાગળમાંથી વિવિધ ફુલો, પ્રાણીઓ, ફલાવર વાસ વગેરે શીખવાડવામાં આવશે આ ઉપરાંત કાગળમાંથી વિવિધ વસ્તુઓ પણ બનાવતા શીખવાડવામાં આવશે. સાયન્સ મેજીક વર્કશોપમાં બાળકોને વિજ્ઞાનની સમજ સાથેના વિવિધ પ્રયોગ બતાવવામાં આવશે. બાળકોને જાદુના વિવિધ પ્રયોગો બતાવી તેમને પણ આ પ્રયોગો કેવી રીતે કરી શકાય તે શીખવાડવામાં આવશે. સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપમાં બાળકોને સાયન્સનાં વિવિધ બેઝીક મોડેલો જેવા કે પેરીસ્કોપ, કેલીડોસ્કોપ, હોવર ક્રાફટ વગેરે બનાવતા શીખવાડવામાં આવશે તેમજ આ મોડેલ કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે તેની વિસ્તૃત સમજ પણ આપવામાં આવશે. સાયન્સ ટેલેન્ટ વર્કશોપમાં ૧૦થી ૧૬ વર્ષના બાળકો ભાગ લઈ શકે. આ વર્કશોપ અંગે વધુ માહિતી માટે હાર્દિક મકવાણા મો.નં. ૯૪૨૬૪૫૧૧૦૨, હાર્દિક ભટ્ટ મો.નં. ૯૮૨૪૨૬૦૬૭૭ અથવા કાર્યાલયના ફોન નં. ૦૭૯-૨૩૨૩૫૨૧૫ પર સંપર્ક કરવો.

## પરિવારના મોભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોભ સમાન પુત્રનું બિમારીના લીધે મૃત્યું થયું. કુટુંબનું ભરણપોષણ કરનાર, દિનરાત એક કરી રોટલો રળનાર અને કારમી મજુરી કરતો મોભ અચાનક તૂટી પડતાં માતાના માથે તો જાણે આભ ફાટી પડ્યું ! હૈયાફાટ રૂદન કરતી માતાનો એક સહારો પતિનો હતો પણ તે વર્ષો પહેલા કુદરતની ક્રૂર મજાકમાં છિનવાઈ ગયો અને પરિવારના ત્રણ ટાઈમ રોટલા રળતા દીકરાનું આજે દેહાંત થતા માતા જાણે હાંફળી ફાંફળી અને ગાંડીતૂર બની ગઈ હતી. આજે સવારે સેક્ટર-૨૧ના ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર સામેની ફૂટપાથ પર કરૂણાનું તાંડવ કરતું આ દ્રશ્ય સૌએ નજરે જોયું. અનાસણ ગામના રમેશભાઈ પૂંજાભાઈ દંતાણી છેલ્લા બે વર્ષ પહેલા ગાંધીનગરમાં પરિવાર સાથે આવ્યા હતા. ગુજરાતના પાટનગરમાં રોજીરોટી રળી જીવનના સમણાં પૂરા કરવાની મહેચ્છાએ આવ્યા હતા. ખુશી અને આનંદ સાથે જીવન ગુજારવાની શ્રદ્ધા સાથે આવેલો આ પરિવાર અચાનક જ દુઃખના દહાડામાં સબળતો થઈ ગયો. પરિવારમાં વયોવૃદ્ધ વિધવા માતા, બે દીકરા, બે દીકરી વહુ, મોટાભાઈ સહિત એક ભાણી હતા. અનાસણ ગામેથી ગાંધીનગર શહેરમાં આવેલા રમેશભાઈ સેક્ટર-૨૧ સ્થિત સૌરાષ્ટ્ર ફરસાણ હાઉસની સામેની ફૂટપાથ ઉપર રહી પોતાના પરિવારનું જીવન ગુજારતા હતા. પોતાના પરિવારનું ગુજરાન તેઓ છૂટક મજૂરી કરીને ચલાવતા હતા. ઘરના મોભી રમેશભાઈની પત્ની થોડા સમય અગાઉ જ અંગત કારણોસર તેમને છોડીને ચાલી ગઈ. કુદરત પણ કેવી મજાક કરે છે !!! જેણે ચોરીના ફેરા ફરતી વખતે જીવનના સુખ-દુઃખમાં સાથે રહેવાની કસમ ખાધી હતી તે જ સહધર્મચારીણી તેને છોડી તે ચાલી ગઈ. છતાં તે હિંમત ન હાર્યા. ઈશ્વરે આપેલું આ એક દુઃખ હૃદયના એક ખૂણામાં સંઘરીને માતા તથા પરિવારનું પોષણ કરવાનું, જવાબદારી નિભાવવાનું રમેશભાઈએ ચાલુ રાખ્યું. વધુમાં બીજો ભાઈ ચમનભાઈ માનસિક અસ્થિરતાથી પિડાતો હતો તેનું દુઃખ હતું. તેનામાં પરિવારનું સભાનપણે પોષણ કરી શકવાની ક્ષમતા જ નથી ત્યારે ભરણપોષણ કરતાં રમેશભાઈનું અકાળે અવસાન થયું. આવો આઘાત માતા ડઈબેન માટે તો ઉપર આભ અને નીચે ધરતી જેવો બન્યો. કરૂણાની કિકિયારીઓ તેમના હૃદયમાંથી નિકળીને આભ ચીરતી હોય તેમ લોકોના કાને પડી. આસપાસના બધા ભેગા થઈ ગયા અને એક બીજાને પૂછવા લાગ્યા. શું થયું...?? શું થયું !?

અસ્થિર મગજનો યુવાન દીકરો, ઘરમાં બે નાની દીકરીઓ, એક ભાણી, બે નાના દીકરા અને નિઃસહાય વિધવા માતા આજે પુત્રના અવસાનથી બેબાકળી બની ગઈ. તે વાત જાણી સૌના મોમાંથી એક જ શબ્દ નિકળ્યો. અરે રે... ફૂટપાથ ઉપર રોઈ રોઈને કુદરતને જાણે પોતાના કર્મોની આટલી આકરી સજા કેમ આવી તેવી ફરિયાદ કરતા ડઈબેનના હાથ પગ જ જાણે લથડી ગયો. કલ્પાંત કરતા પરિવારને જોઈને આસપાસના સૌ સ્તબ્ધ બની ગયા હતા અને આ કરૂણ ઘટનાની અરેરાટી અનુભવી રહ્યા. આ ઘટનાની જાણ પટ્ટણી સમાજના અગ્રણી સુરેશભાઈ પટ્ટણીને થતાં તેઓ સેક્ટર-૨૧ ખાતે આવી પહોંચ્યા હતા અને જુ.સિ.કા.નો સંપર્ક કરી અંતિમ વિધિ માટે લઈ ગયા હતા.

સાંજે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીઓએ પણ પરિવારની મદદ માટે ગયા હતા આ અધિકારીઓ પરિવારજનોને સમજાવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય સુધી આ ઘટના પહોંચતા ત્યાંથી મળેલ સૂચનાને પગલે તંત્રના અધિકારીઓ ગયા હતા પરંતુ શું થયું તે જાણી શકાયું નથી.

## શબ્દાવલી - ૫૦૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | ૮ | | | ■ |
| ૯ | | | | | ■ | ૧૦ | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | | ■ | ■ | |
| ■ | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | | | ■ | | ■ | ૨૨ | ૨૩ |
| ■ | ૨૪ | | | ■ | ૨૫ | | |

### આડી ચાવી

૧. લગામ (૪)
૪. આ જગ્યાના પટોળા વખણાય (૩)
૬. ૨૦ કિલોનું માપ (૨)
૭. લીટો, લસરકો (૪)
૯. પરવાહ વગરનું (૫)
૧૦. ... કરવું, દોડવું (અંગ્રેજીમાં) (૨)
૧૨. આ પ્રમાણે, સમાપ્ત (૨)
૧૩. વજનનું એક માપ (૩)
૧૫. ચડવણી, દોરવણી (૪)
૧૮. સમય, ટાઈમ (૩)
૨૦. ઊંઘમાં કે તાવમાં બબડવું તે (૩)
૨૨. અવકાશ, ... એટલે વિમાન (૨)
૨૪. એક ચોપગું પ્રાણી (૩)
૨૫. વા વાયાને ... ખસ્યું તે દેખીને કૂતરૂં ભસ્યું (૩)

### ઊભી ચાવી

૧. દરિયામાં રસ્તો કે દિશા બતાવતો દીવો (૪)
૨. કુમળાશ, કુણું હોવું (૩)
૩. સ્વાગત કરવા ગળામાં ફુલનો ... પહેરાવાય છે (૨)
૬. બિલ્ડીંગ (૪)
૭. 'કનીજ' શબ્દ આડોઅવળો (૩)
૮. પરવા, ફિકર (૨)
૧૦. આમંત્રણ (૩)
૧૧. જીદ પુરી કરવા ધાંધીયા કે ... કરવા (૩)
૧૩. ગંદકી (૪)
૧૪. અતિશય, વધુ (૩)
૧૬. ગડ-ગુમડ... લગાવાય (૩)
૧૭. એને તો વાતની... પણ નહિ આવવા દેવાની (૨)

### શબ્દાવલી ૫૦૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) દીર્ઘદ્રષ્ટિ (૨) કુહાડો (૪) માર (૫) દાંડાઈ (૭) જશ (૯) માઈક (૧૧) ઉમા (૧૨) રજનીગંધા (૧૪) પુરાતન (૧૫) દમામ (૧૭) હવા (૧૮) મંદવાડ

**ઊભી ચાવી :-** (૧) દીવાદાંડી (૨) (૨) કુમાશ (૩) હાર (૬) ઈમારત (૭) જકની (૮) તમા (૧૦) ઈજન (૧૧) ઉધામા (૧૩) ગંદવાડ (૧૪) પુષ્કળ (૧૬) મલમ (૧૭) હવા

**આત્મા ડાયરેક્ટરોરેટ એન્ડ સમિતિ**

ATMA GUJARAT

પી-૭, પોડિયમ લેવલ, કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

આ કચેરી ખાતે ભોજન પુરું પાડવા માટે આ કામગીરીનો બે વર્ષનો અનુભવ ધરાવતી પાર્ટીઓએ રૂબરૂમાં આ કચેરીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૨૭/૫/૨૦૧૩ સુધીમાં મેળવી તા. ૨૮/૫/૨૦૧૩ના ૧૭-૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૨૭૦/૧૩-૧૪ નિયામક, સમિતિ

IITE

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
Govt. College Campus, KH-Raod, Sector-15, GANDHINAGAR

**ટુંકી મુદતની કલર કામ અંગેની નિવિદા**

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, સેક્ટર-૧૫ ખાતેના મકાનમાં અપેક્ષ અલ્ટીમા પેઈન્ટ, બીરલા વ્હાઈટ સેમેન્ટ પુટ્ટી તેમજ વ્હાઈટ વૉશ કરવા ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. વિગતવાર ટેન્ડર કચેરી ખાતેથી તા. ૧૭/૫/૨૦૧૩ સુધીમાં રૂ. ૧૦૦/- રોકડેથી ભરીને મેળવી લેવાના રહેશે. કામની વિગત નીચે મુજબ છે. ભરેલા સીલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ મોડામાં મોડા તા. ૧૮/૫/૨૦૧૩ સુધીમાં પરત કરવાના રહેશે.

Applying Apsex Ultima Paint on inside garden loft walls, Birla white cement putty in class room and white wash with partial apex ultima to compound wall.

Estimaye cost Rs. 4,60,000/-

Qualification of Bidder :- He should have executed the colour work in last 3 years.

(minimum 1 lac rupees work)

કુલસચિવ
આઈઆઈટીઈ